# ગરમીથી ત્રાહીમામ નગરજનોને ત્રણ દિવસથી ટટળાવતા મેઘરાજા

## વરસાદી માહોલ ઉભો કરી પધરામણી ન કરતાં લોકોમાં નિરાસા, અસહ્ય બફારો સર્જાયો

ગાંધીનગર, તા. ૧૦

સુરજદાદાએ પોતાનો અસલી મિજાજ બતાવતાં રાજ્યભરમાં ગરમીએ માઝા મુકી દીધી છે. જેમાં વળી બે ત્રણ દિવસથી વાદળો ઘેરાંતા મેઘરાજાની પધરામણી થશે તેવી આશા રખાતી હતી. પરંતુ વરસાદી માહોલ ઉભો કરી એક ટીપુ એ પાણી ન વરસતાં લોકોમાં નિરાશા વ્યાપી છે. જોકે વાદળછાયા વાતાવરણથી અસહ્ય બફારો પેદા થયો છે જેનાથી લોકો અકળાઈ ઉઠ્યા છે. નગરજનો ગરમીથી છુટકારો મેળવવા આતુરતાપૂર્વક વરસાદની રાહ જોઈ રહ્યા છે ત્યારે મેઘરાજા પણ રીસાયા હોય તેમ નગરજનોને ટટળાવી રહ્યા છે.



ગાંધીનગરમાં પણ ગરમીનો પારો આ વર્ષે રાજ્યભરમાં સૌથી વધુ રહ્યો હોય તેવુ બનવા પામ્યુ હતુ. અતિશય ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠેલા નગરજનો છેલ્લા ત્રણ દિવસથી સર્જાયેલા વાતાવરણથી હાશકારો અનુભવી રહ્યા છે. જો કે વાદળછાયા વાતાવરણ અને ઠંડા પવનોની લહેરોથી વરસાદ થવાની શક્યતાઓ સૌ કોઈ રાખી રહ્યા હતા પરંતુ ત્રણ દિવસથી એક જ પ્રકારનું વાતાવરણ જળવાઈ રહ્યુ છે. છતાં મેઘરાજા મહેર કરતા નથી જેથી અસહ્ય બફારાથી લોકો અકળાઈ ઉઠ્યા છે.

અરબી સમુદ્રમાં સર્જાયેલા ડીપ્રેશન થકી રાજ્યભરમાં વાતાવરણ પલટાયુ છે અને અમુક સ્થળોએ વરસાદી ઝાપટા પણ પડ્યા છે જેથી મીઠી સુગંધ પણ પ્રસરી જવા પામી છે. પરંતુ ગાંધીનગરમાં અપર સરક્યુલેશનની અસર ફક્ત વાદળછાયા વાતાવરણ સુધી સિમિત રહી હોય તેમ મેઘરાજા રીતસર ટટળાવી રહ્યા છે. દિવસભર વાદળો છવાયેલા રહે છે અને રાત્રીએ ઠંડા પવનોની લહેરો ઉઠે છે જેથી લોકો ગરમીમાંથી છુટ્યાનો હાશકારો અનુભવી રહ્યા છે. બળબળતા તાપ કરતાં વાદળો થકી ઠંડક રહે છે તે વધુ અનુકુળ હોવાનું લોકો જણાવી રહ્યા છે. જો કે અસહ્ય બાફ અને ઉકળાટ વચ્ચે પંખાના પવનો સારા લાગી રહ્યા છે અને સત્વરે મેઘરાજા મન મુકીને વરસે તેવી અપેક્ષા રખાઈ રહી છે. હરીયાળા પાટનગરમાં ગરમીએ માઝા મુકી દીધી હતી અને નાગરીકો સહિત વૃક્ષો પણ હવે પાણી ઝંખી રહ્યા છે. જેથી ટુંક સમયમાં મેઘરાજાનું આગમન નહીં થાય તો તેમને મનાવવાના પ્રયાસો પણ શરૂ કરાશે તેવુ લાગી રહ્યું છે.

## જોડણી, છંદ, અલંકાર વિના ગુજરાતી ભાષા વિધવા જેવી લાગે : શૈલેષ પંડ્યા

ગાંધીનગર, તા. ૧૦

બુદ્ધિજીવી ગણાતા કેટલાક કહેવાતા વિદ્વાનોએ ગુજરાતી ભાષામાંથી જોડણીનું મહત્વ ઓછુ આંકવાની નાદાની કરી તે શરમજનક છે. પ્રત્યેક ભાષાને એનું પોતાનું બંધારણ અને નિશ્ચિત નિયમો હોય છે. પ્રત્યેક ભાષાને એનું આગવું સ્વરૂપ હોય છે. જોડણીથી રચાતા શબ્દોના અર્થફેરની જાણકારી ન હોવાથી આવા લોકો જ આવી બાલિશ ચેષ્ટા કરી શકે. શબ્દનું વજન એની જોડણી પર આધારિત હોય છે. હસ્વ કે દીર્ઘનો ભેદ ન જાણનાર માણસને ગુજરાતી ભાષાના બંધારણ ઉપર બોલવાનો અધિકાર ન હોઈ શકે. જોડણી ભેદથી જ ઉચ્ચાર ભેદ સંભવી શકે જોડણીથી ભાષામાં શિસ્ત સચવાય છે.

અલંકાર એ ભાષાનું આભૂષણ છે. ભાષાની ભવ્યતા મમ્મટાચાર્યએ સ્વીકારી અને ગુજરાતી સાહિત્યના સંનિષ્ઠ પૂર્વજોએ અલંકારોને પ્રયોજ્યા. અલંકારથી ભાષામાં સંવેદના જન્મે છે. અલંકાર પ્રયોજનથી ભાષામાં અર્થવૈવિધ્ય સાથે અર્થ સુરૂચિ જન્મે છે. અલંકારનું મહત્વ ન સમજનાર ભાષાને શું સમજી શકશે ? જોડણી, છંદ, અલંકાર વિના ગુજરાતી ભાષા વિધવા જેવી લાગે. છંદ તો કવિતાનું નિશ્ચિત માપ છે. છંદ વગરની કવિતા જોડકણાં માત્ર બની રહે. હા, અછાંદસ કવિતાનું પણ ગૌરવ થવું ઘટે. સ્વર ભેદ અને ઉચ્ચારભેદનું મહત્વ બતાવતી છંદ રચના ગુજરાતી ભાષાને ગૌરવ અપાવે છે. માત્ર વાક્ય રચનાથી જ વિદ્યાર્થીઓમાં ગુજરાતી પ્રત્યે રસ કેળવવાની વાત કરનારાઓનું અજ્ઞાન છતું થાય છે. વિરામ ચિહ્નો, છંદ, અલંકાર, જોડણી વગેરે ભાષાની અનિવાર્યતા છે.

માત્ર "હું બોલું ને તું સમજી લે" એ ભાષા નથી; ગુજરાતી ભાષા તો નથી જ... બોલી છે. ગુજરાતના ગૌરવને હાનિ પહોંચાડવાની એક સુગ્રથિત પ્રયુક્તિઓ યોજાઈ રહી છે. માતૃભાષાનું ગૌરવ ન કરી શકીએ તો કંઈ નહીં પણ માતૃભાષાનું અપમાન તો ન કરીએ. શિક્ષકોનું ગુજરાતી ભાષાનું અજ્ઞાન જ ગુજરાતીમાં વધુ વિદ્યાર્થીઓને નાપાસ થવા જવાબદાર છે. બોલી અને ભાષાનો ભેદ ન જાણનારને ગુજરાતી ભાષાની જોડણી, છંદ, અલંકારનું મહત્વ ન સમજાય એ સ્વાભાવિક છે. ચાલો, માતૃભાષાના બંધારણને, નિયમોને, અસલી સ્વરૂપને ઓળખીએ અને ભાષાનું નિકંદન કાઢવાની વાતો કરનારના અજ્ઞાનને માફ કરીએ તેમ ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના શૈલેષ પંડ્યાએ જણાવ્યું છે.

## કલોલ શહેરમાં એલસીબીએ દરોડો પાડી દારૂ પકડયો

### ૭૫ લીટર દેશી દારૂ અને ૭૫ નંગ વિદેશી દારૂની બોટલ મકાનમાંથી મળી : બે બુટલેગરો વોન્ટેડ

ગાંધીનગર, તા.૧૦

જિલ્લાના કલોલ શહેર વિસ્તારમાં સ્થિત ગાયના ટેકરા ખાતે મકાનમાં દારૂનો જથ્થો પડયો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડી મકાનમાંથી ૭૫ લીટર દેશી દારૂ અને ૭૫ બોટલ વિદેશી દારૂની બોટલો મળી કુલ રૂ. ૨૪ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જો કે બે બુટલેગરો મળી આવ્યા ન હોવાથી વોન્ટેડ છે.

એલસીબી પીઆઈ આશુતોષ પરમારની ટીમને બાતમી મળી હતી કે કલોલ શહેરના ગાયના ટેકરા વિસ્તારમાં સ્થિત મકાન નં. ૧૨, ૧૩, ૩૨ કવાર્ટર ખાતે દારૂ સંતાડવામાં આવ્યો છે.જેને આધારે દરોડો પાડી તપાસ કરતા મકાનમાંથી ૭૫ નંગ વિદેશી દારૂની બોટલો કિં. રૂ. ૨૨,૫૦૦ અને ૭૫ લીટર દેશી દારૂ કિં. રૂ. ૧૫૦૦ મળીનો કુલ રૂ. ૨૪ હજારનો દેશી તથા વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. એલસીબીએ દારૂ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી આરંભી છે. દારૂ સંતાડનાર કિરીટ શંકર ભુતેડીયા અને રાહુલ દિલીપ મકવાણા બંને આરોપીઓ વોન્ટેડ છે પોલીસે તેમની શોધખોળ શરુ કરી છે.

## ગાંધીનગર જિલ્લા પંચાયત કઈ બેઠકમાં - ક્યા ફેરફારો


| અનું | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | તાલુકા પંચાયતનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | | ૫ |
| ૧ | ગાંધીનગર | ૧ | અમરાજીના મુવાડા | દહેગામ | સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી-૧ |
| | | ૨ | બહીયલ | દહેગામ | સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી-૨ |
| | | ૩ | ભોયણ મોટી | કલોલ | સા.શૈ.પછાતવર્ગ |
| | | ૪ | બિલોદરા | માણસા | સામાન્ય સ્ત્રી-૨ |
| | | ૫ | બોરીસણા | કલોલ | સામાન્ય સ્ત્રી-૩ |
| | | ૬ | ચરાડા | માણસા | સામાન્ય સ્ત્રી |
| | | ૭ | છાલા | ગાંધીનગર | સામાન્ય સ્ત્રી |
| | | ૮ | ચિલોડા(ડ) | ગાંધીનગર | સામાન્ય સ્ત્રી-૪ |
| | | ૯ | ચિલોડા(ન) | ગાંધીનગર | સામાન્ય સ્ત્રી-૫ |
| | | ૧૦ | ડભોડા | ગાંધીનગર | સામાન્ય સ્ત્રી |
| | | ૧૧ | હાલીસા | દહેગામ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૨ | હરખજીના મુવાડા | દહેગામ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૩ | ઈટાદરા | માણસા | સામાન્ય સ્ત્રી |
| | | ૧૪ | કડજોદરા | દહેગામ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૫ | કોલવડા | ગાંધીનગર | સામાન્ય સ્ત્રી |
| | | ૧૬ | કુડાસણ | ગાંધીનગર | બિન અનામત સામાન્ય-૬ |
| | | ૧૭ | લીંબોદરા | માણસા | બિન અનામત સામાન્ય-૭ |
| | | ૧૮ | લોદરા | માણસા | બિન અનામત સામાન્ય |
| | | ૧૯ | પલીયડ | કલોલ | બિન અનામત સામાન્ય |
| | | ૨૦ | પાનસર | કલોલ | બિન અનામત સામાન્ય |

## માણસામાં મુખ્યમંત્રીના કાર્યક્રમ પૂર્વે ૧૦ કોંગી કાર્યકરોની અટકાયત

### 'આપ'ના બે કાર્યકરોને પણ કાર્યક્રમ પહેલા પોલીસે ડીટેઈન કર્યા

ગાંધીનગર, તા. ૧૦

માણસા ખાતે આજે ભૂગર્ભ ગટર યોજનાની લોકાર્પણવિધિ પ્રસંગે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ઉપસ્થિત રહેવાના હોવાથી કોંગી કાર્યકરો અને આપના કાર્યકરોને કાર્યક્રમ પહેલા જ ગાંધીનગર પોલીસ ઉપાડી લઈને ડીટેઈન કરી લીધા હતા. કાર્યક્રમ દરમ્યાન લોક પ્રશ્નોની રજૂઆતો કરાશે તેવા ભયસ્થાનને કારણે ડીટેઈન કરાયા હોવાનું માણસા ધારાસભ્ય અમિત ચૌધરીએ જણાવ્યું છે. કાર્યક્રમ પૂર્વે કોંગ્રેસના ૧૦ અને 'આપ'ના ૨ કાર્યકરો મળી ૧૨ આગેવાનો-કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.



માણસા ખાતે યોજાનાર કાર્યક્રમમાં ભાજપની નીતિઓનો વિરોધ કરવા મૌન દેખાવો યોજવા અંતર્ગત કાર્યક્રમ રાખવા કોંગ્રેસ અને આપ પક્ષના કાર્યકરો દ્વારા કાયદાની મર્યાદામાં રહીને પરમીશન મેળવી લેવાઈ હોવા છતાં આગેવાનો-કાર્યકરોને ડીટેઈન કરી પ્રજાનો અવાજ દબાવી દેવાયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પોલીસે માણસા ધારાસભ્ય અમિત ચૌધરી ઉપરાંત પૃથ્વીસિંહ રાઠોડ, કોર્પોરેટરો, તાલુકા સદસ્યો તથા કાર્યકરો મળી ૧૦ કોંગી આગેવાનો કાર્યકરોની અટકાયત કરી લીધી હતી તે ઉપરાંત આપના કિશન સોલંકી અને રાકેશ પ્રજાપતિ મળીને બે કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. મુખ્યમંત્રીના કાર્યક્રમ પૂર્વે ગાંધીનગર પોલીસે ૧૨ કાર્યકરોની અટકાયત કરી હતી.

## ભીમ જ્યોત યાત્રા ૧૪મી જૂને ગાંધીનગરમાં આવશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા તા. ૧૪મી જૂને 'ભીમ જ્યોત યાત્રાનું ગાંધીનગર ખાતે સ્વાગત કરાશે. ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ વર્ષ નિમિત્તે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા ભીમયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

ભીમજ્યોત યાત્રા તા. ૧૪મી જૂને કલોલથી વાયા વાવોલ માર્ગે સવારે ૧૧ વાગે ગાંધીનગર આવશે જ્યાં ચ-૩ પથિકાશ્રમ સર્કલ પર યાત્રાનું સ્વાગત કરવામાં આવશે. પથિકાશ્રમથી યાત્રા ઉમિયા મંદિર થઈને સેક્ટર-૧૨, સેક્ટર-૧૩ ઝુંપડા, મહાત્મા મંદિર થઈને સે. ૧૪, સેક્ટર-૨૪ ચોકડી, ઘ-૬ સર્કલ થઈને ચ-૬ સર્કલ, ચ-૫, સે. ૧૭ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે ભોજન માટે રોકાશે. આ દરમ્યાન અહીં ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. વિરામ બાદ યાત્રા વિધાનસભા સામે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ સમર્પિત કરશે. પુષ્પાંજલિ બાદ સે. ૭/૮ બસસ્ટેન્ડ થઈને સે. ૭ની લગ્નવાડી માર્ગેથી સે. ૬, સે. ૫, સે. ૪, સે. ૩-ન્યુ, સે. ૨ થઈને ઈન્ફોસીટીથી ચાંદખેડા તરફ જવા રવાના થશે.

## બેંક એકાઉન્ટ જુનું થઈ ગયું હોવાનું કહીને ૧૫ હજારનું ચીટીંગ

### એકાઉન્ટ રીન્યુ કરવા માટે તમારા ખાતાની ડીટેઈલ જોઈશે કહીને ફ્રોડે ડભોડાના યુવાનને પણ છેતર્યો

ગાંધીનગર, તા. ૧૦

ડભોડાના યુવાનને કોલ આવ્યો કે હું એટીએમ મેનેજર બોલુ છુ. તમારૂ બેંક એકાઉન્ટ જુનુ થઈ ગયું છે. તેને રીન્યુ કરવા થોડી ડીટેઈલ જોઈશે. તેમ કહી ખાતા નંબર સહીતની વિગતો મેળવી લઈને ફોન કરનાર ફ્રોડે તેના ખાતામાંથી રૂ. ૧૫ હજાર ઉપાડી લઈ છેતરપીંડી આચરી હોવાની ફરીયાદ ડભોડા પોલીસમથકે નોંધાવા પામી છે. સી.પી.આઈ.એ ગુનાની ઊંડી તપાસ આરંભી છે.

ડભોડા બુટાકીયા વિસ્તારમાં રહેતા ચિરાગભાઈ બહેરામભાઈ મસાણીને ગઈકાલે સમી સાંજે બેંક એકાઉન્ટની ડીટેઈલ મેળવી ચીટીંગ કરતી ગેંગના સભ્યનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે તમારૂ બેંક એકાઉન્ટ જુનુ થઈ ગયુ છે તેને રીન્યુ કરવા માટે બેંક એકાઉન્ટની થોડી ડીટેઈલ જોઈશે. તેમ કહી એટીએમની ડીટેઈલ અને નંબર મેળવી ચિરાગભાઈના બેંક ખાતામાંથી રૂ. ૧૫ હજાર ઉપાડી લીધા હતા. ચિરાગભાઈએ ડભોડા પોલીસને સમગ્ર છેતરપીંડી અંગે જાણ કરતાં પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે. આ ગુનાની ઊંડી તપાસ ગાંધીનગર સીપીઆઈ એસ.ડી. પટેલ ચલાવી રહ્યા છે.

## મુક્તિધામ ખાતે જુસિકાની સાધારણ સભા

ગાંધીનગર, તા. ૧૦

શહેરમાં સેવાકીય પ્રવૃત્તિમાં અગ્રેસર જુનિયર સિટીજન કાઉન્સિલ ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા યોજાશે. આગામી તા. ૨૧ જૂન રવિવાર, સવારે ૯.૩૦ કલાકે સેક્ટર-૩૦ સ્થિત મુક્તિધામ ખાતે સાધારણ સભા યોજવામાં આવશે. સભામાં વર્ષ-૨૦૧૪-૧૫ના વાર્ષિક હિસાબો રજુ કરવામાં આવશે. સભામાં સર્વે કાઉન્સિલના સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે. તેમજ વાર્ષિક હિસાબોના અહેવાલની જાણકારી મેળવવા ઈચ્છુક સભ્યોએ સંસ્થાની ઓફિસેથી નકલ મેળવી લેવા જુસિકાએ જણાવ્યું છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪

સૂર્યાસ્ત : ૭.૨૬

### તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૫૬ ટકા

### મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧ :**

ઉડી સન એન્ટ્રીસ : ૯.૩૦, ૫.૨૦, ૧૦.૩૫

બે યાર : ૧૨.૦૦

ઈશ્કેદરિયાં : ૨.૩૦

પિકુ : ૭.૨૦

**સ્ક્રીન-૨ :**

વેલકમ ટૂ કરાંચી : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૭.૧૫, ૧૦.૦૫

**સ્ક્રીન-૩ :**

વેલકમ ટૂ કરાંચી : ૯.૩૦

બે યાર : ૧૨.૨૦

ગબ્બર હીઝ બેક : ૩.૩૦

તનુ વેડસ મનુ રીટર્ન : ૬.૦૫, ૯.૦૦

**સ્ક્રીન-૪ :**

બે યાર : ૧૦.૩૦

તનુ વેડસ મનુ રીટર્ન : ૧.૨૫, ૪.૨૦, ૭.૧૫, ૧૦.૧૦

**સિટીપલ્સ**

**: સ્ક્રીન-૧ :**

દિલ ધડકને દો : ૩.૧૫, ૬.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**

દિલ ધડકને દો : ૨.૧૫, ૫.૪૫, ૯.૩૦

**સ્ક્રીન-૩ :**

દિલ ધડકને દો : ૧૨.૧૫, ૪.૦૦, ૧૦.૧૫

તનુ વેડ મનુ ૨ : ૭.૧૫

**સ્ક્રીન-૪ :**

જો બકા : ૧૦.૦૦

તનુ વેડ મનુ ૨ : ૧૨.૦૦, ૨.૪૫, ૧૦.૦૦

પીકુ : ૫.૩૦

કાક્કા મુત્તાઈ (તમિલ) : ૭.૪૫

**સ્ક્રીન-૫ :**

દિલ ધડકને દો : ૧૦.૦૦, ૧.૩૦, ૪.૪૫, ૮.૧૫

### આપની આજ

**મેષ** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય પસાર થશે. ખાનપાનમાં ધ્યાન રાખવું. મિત્ર, સંતાન પક્ષ સંબંધી, વગેરે જેવા જવાબદારી ભર્યા કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ થઈ શકશે.

**વૃષભ** : વિશેષ ભાગ્યવર્ધક કાર્યોથઈ શકશે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા પ્રવાસ થશે. વ્યાપારમાં ગહન શોધ સંબંધી કાર્ય થશે. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્તી થવાનો યોગ.

**મિથુન** : પદોન્નતિ, ભૂમિ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. ધાર્મિક આયોજનોમાં ભાગ લેવાનું થશે. અટવાયેલા પ્રશ્નોનું નિરાકરણ મળી શકશે.

**કર્ક** : શોધપૂર્ણ કાર્યોથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકશે. ધર્મ આધ્યાત્મ સંબંધી ગહન શોધ કાર્ય થઈ શકે છે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ વૃદ્ધિ થતી જણાય.

**સિંહ** : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવનાઓ છે. ઋતુ પ્રમાણે આહાર લેવો. મનોરંજન, આમોદ-પ્રમોદ સંબંધી વિશેષ યોગ.

**કન્યા** : સંતાન અને ઐશ્વર્ય પર ખર્ચ સંતોષ આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ધાર્મિક યાત્રાઓ થઈ શકશે. સમાજિકક્ષેત્રમાં પદ, પ્રતિષ્ઠામાં વધારો થશે.

**તુલા** : પરાક્રમની પ્રશંસાને કારણે પાસે આવનારા વ્યક્તિઓની અધિકતા રહેશે. નવા કાર્યોમાં ભાગદોડમાં વધારો થશે. ધર્મ, આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાનો યોગ.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધ બનશે. વાહન ખરીદવાની સંભાવના છે .પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધાની રાખવી જરૂરી રહેશે.

**ધન** : સામાજિક ક્ષેત્રે લાભ મળી શકે છે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

**મકર** : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ ખશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

**કુંભ** : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળશે. વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર કાબુ રાખવો.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. ભૌતિક સુખની પ્રાપ્તિ થશે. સ્વાધ્યાયમાં રુચિ વધશે. સુખદ સમાચાર મળશે.